અપીલ અરજી નં.૩૩૭ તા.૧૫–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મો.રીજવાન અબ્દુલ રબ આઝાદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રીજવાન અબ્દુલ રબ આઝાદની તા. ૨–૮–૧૧ની અરજીથી ૧૧/૧૪૫૧વાળી મિલ્કતના બાંધકામની મંજુરીની નકલ,લે–આઉટ પ્લાનની નકલ,કયા કયા દસ્તાવેજોના આધારે મંજુરી આપવામાં આવેલ છે તેની નકલો, કોના નામે મંજુરીની અરજી થયેલ છે તેની નકલો,આ મિલ્કત વિરુધ્ધ કેટલીક અરજી તથા આરટીઆઈ આવેલ છે તેની નકલો વિ. આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૩૭/૨૦૧૧–૧૨

શ્રી મો.રીજવાન અબ્દુલ રબ આઝાદની તા. ૨–૮–૧૧ની અરજીથી ૧૧/૧૪૫૧વાળી મિલ્કતના બાંધકામની મંજુરીની નકલ,લે–આઉટ પ્લાનની નકલ,કયા કયા દસ્તાવેજોના આધારે મંજુરી આપવામાં આવેલ છે તેની નકલો, કોના નામે મંજુરીની અરજી થયેલ છે તેની નકલો,આ મિલ્કત વિરુધ્ધ કેટલીક અરજી તથા આરટીઆઈ આવેલ છે તેની નકલો વિ.માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સે.ઝોન/ આરટીઆઈ / આઉટ નં./ ૮૯૧ તા. ૨૯–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૧૦–૧૧ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પુરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તપાસણી માટે આપેલ તક, રોજકામની નકલ સહ મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૨ તા.૨૫–૧૦–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને લગભગ ૧૮ દિનની વિલંબિત અપીલ અંગે વ્યાજબીપણું રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૪–૧૧–૧૧ ના રોજ પૂરક પ્રત્યુત્તર મળેલ છે.

અરજદારની તા. ૨–૮–૧૧ ની અરજીથી ૧૧/૧૪૫૧ પર નવું આરસીસીનું બાંધકામ થયેલ છે જેની લગોલગ બાજુમાં ઐતિહાસિક ઈમારતથી લગોલગ બાંધકામની મંજુરી કયા દસ્તાવેજી પુરાવાના આધારે આપેલ છે. તે બધા દસ્તાવેજી પુરાવાઓની નકલો બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં (૧)૧૧/૧૪૫૧વાળી મિલ્કતના બાંધકામની મંજુરીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર પ્લાનની મંજુરી પ્લાનની નકલના રૂા.૩૯૨/– ભર્યેથી મળી શકશે. તેવું સમય મર્યાદામાં જણાવેલ છે. (૨) લે–આઉટ પ્લાનની નકલ તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. (૩) કયા કયા દસ્તાવેજોના આધારે મંજુરી આપવામાં આવેલ છે તેની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જણાવવાનું કે તા.૭–૯–૧૧ ના રોજ ઓફિસ સમય દરમ્યાન સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક સુધીમાં આવી ફાઈલનું નિરીક્ષણ કરી શકશો. જેમાં પ્રથમ અડધો કલાક ફ્રી રહેશે. ત્યાર બાદ નિયમ મુજબ ચકાસણી ફી ભરવાની રહેશે. તેવું જણાવેલ છે. (૪) કોના નામે મંજુરીની અરજી થયેલ છે તેની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત બાબતે મંજુરીની અરજીના નકલના રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૫) આ મિલ્કત વિરુધ્ધ કેટલીક અરજી તથા આરટીઆઈ આવેલ છે તેની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત વિરુધ્ધ આવેલ અરજીની નકલના નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ ૫ પાનાના રૂા.૧૦/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૬) આજ તારીખ પહેલા કેટલીક આરટીઆઈ તથા અરજીઓ આવેલ છે તેના વિરુધ્ધમાં કાયદેસરની કઈ નોટીસો તથા કાયદેસરની કઈ કાર્યવાહી થયેલ છે તેની નકલો આપવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત બાબતે સેન્ટ્રલઝોન કક્ષાએથી મનાઈ હુકમ તથા શોકોઝ નોટીસ આપવામાં આવેલ છે જેની નકલના રૂ.૬/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવ પૈકી જવાબ મળ્યા પછી ફાઈલના નિરીક્ષણ બાકી છે. જે અંગે બહુ

ધકકે ચઢાવી રહયા છે કાલે કાલે કરી ફાઈલ મળતી નથી તેમ કહી ફાઈલ જોવાની બાકી છે તેવું જણાવી તા.૧૫–૧૦–૧૧ ના રોજ દિન–૧૮ ના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદાર પાસે અપીલ અરજી અંગેનો આધાર અને વાજબીપણુ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેમાં અરજદારે ફાઈલ નિરીક્ષણ અંગે ધકકે ચઢાવવાના કારણે અપીલ કરવામાં મોડા પડેલ છે જેમાં તેઓએ ફાઈલ મળતી નથી મળ્યેથી ફોન કરીને બોલાવી લઈશ. તેવું જણાવેલ તેના કારણે અમોને ધકકા પડેલ છે. ફાઈલ નહીં જોવા મળવાના કારણે અમોએ અપીલ દાખલ કરવામાં મોડા પડેલ છે તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ– ૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની જોગવાઈ છે તે સિવાય વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ તા.૨૯–૮–૧૧ ના રોજ આપેલ માહિતીમાં ચકાસણી કરવાનો પ્રસ્તાવ કરેલ હોઈ તેવી ફાઈલ હાથ પર હોવાનું અનુમાનિત છે. વધુમાં અરજદારને સદરહુ નિરીક્ષણ માટે તા.૭–૯–૧૧ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ નો સમય પણ ફાળવેલ છે આથી નિરીક્ષણ પુરું પાડતા પહેલા તૈયારી હોવી આવશ્યક છે. અત્રે એ પણ સૂચક છે કે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તપાસણીના પ્રસ્તાવ અન્વયે થયેલ કાર્યવાહીના રોજકામની નકલ માંગવા છતાં તેઓ તરફથી રજૂ થયેલ નથી. જયારે અરજદાર કક્ષાએ તેઓ તપાસણી માટે ગયાની તારીખો– આધાર રજૂ કરવા જણાવવા છતાં તેવું કોઈ પ્રમાણ તેઓ કક્ષાએથી પણ મળેલ નથી. તપાસણી સિવાયના દસ્તાવેજો નિયત ફી ભરપાઈ કરી અરજદારે મેળવેલ છે કે કેમ? તે અંગે પણ એક પણ પક્ષકાર ધ્વારા પ્રકાશ પાડેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતીમાં દસ્તાવેજોની તપાસણીના મુદ્દા અંગે અરજદારની વિલંબિત અપીલને અનુલક્ષી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરપાઈ કરવાની રીતે લાગત કાગળોની તપાસણી દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અને તેની જાણ અત્રે કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :  –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મો.રીજવાન અબ્દુલ રબ આઝાદ